# અમદાવાદમાં પદ્માવતના વિરોધમાં મોડી સાંજે તોડફોડ

## વસ્ત્રાપુર, એસજી હાઈવે, ગુરુકુળ સહિતના વિસ્તારોમાં હિંસક દેખાવો : થિયેટરો પર તોડફોડ અને આગની ઘટના


અમદાવાદ,તા. ૨૩ પદ્માવત ફિલ્મ રજૂ થશે કે કેમ તેને લઈને સંકટના વાદળો હજુ પણ ઘેરાયેલા છે. આજે અમદાવાદ શહેરમાં મોડી સાંજે હિંસક પ્રદર્શનનો દોર શરૂ થયો હતો જેથી ફાયર બ્રિગેડની ટીમને પણ પહોંચી જઈને આગ ઉપર કાબૂ મેળવવાના પ્રયાસો કરવા પડ્યા હતા. ભારે તોડફોડ, આગની ઘટના, હિંસક દેખાવો, લાઠીચાર્જના પરિણામ સ્વરુપે સ્થિતિ વણસી ગઈ હતી. અનેક થિયેટરોની બહાર આગ લગાવવામાં આવી હતી.

એસજી હાઈવે પર ભારે તોડફોડ કરવામાં આવી હતી જેના લીધે પોલીસને સ્થિતિને કાબૂમાં લેવા માટે લાઠીચાર્જ કરવાની પણ ફરજ પડી હતી. બાઈક સળગાવીને પણ વિરોધ પ્રદર્શન કરાયો હતો. કરણી સેના અને અન્ય સમુદાયના લોકોએ ઈસ્કોન બ્રિજ નજીક દુકાનો બંધ કરાવવામાં આવી હતી. અમદાવાદ શહેરના એસજી હાઈવે, વસ્ત્રાપુર, ડ્રાઈવઈનના આસપાસના વિસ્તારો, ઈન્કમટેક્સ ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શનનો દોર ચાલ્યો હતો. એસજી હાઈવે એક્રોપોલિસ થિયેટરમાં હોબાળો મચાવવામાં આવ્યો હતો. અમદાવાદમાં પદ્માવત ફિલ્મનો વિરોધ કરનાર રાજપૂત સમુદાયના લોકોએ અનેક જગ્યાઓએ તોડફોડ કરી હતી. વાઈડ એંગલ, પીવીઆર સિનેમા પર દેખાવો કરવામાં આવ્યા હતા. અમદાવાદમાં હિંસક પ્રદર્શનનો દોર ચાલી રહ્યો છે ત્યારે પોલીસ નિષ્ક્રિય દેખાઈ રહી હોવાના આક્ષેપો પણ કરવામાં આવી રહ્યા છે. થલતેજથી ઈસ્કોન સુધીના રોડ પર ચક્કાજામ કરીને અંધાધૂંધી સર્જવામાં આવી હતી.

પીવીઆર સિનેમા પર ટોળાએ પત્થરમારો કરીને કાંચ તોડીને નુકસાન કર્યુ હતું. આ ઘટના બાદ મોટી સંખ્યામાં પોલીસનો કાફલો પહોંચી ગયો હતો. ગુરુકુળ રોડ પાસે આવેલા હિમાલય મોલમાં પણ આગચંપી કરવામાં આવી હતી. છેલ્લા ઘણા દિવસથી એક પછી એક થિયેટરોને ટાર્ગેટ બનાવવામાં આવી રહ્યા છે.અમદાવાદ ભળકે બળી રહ્યું છે ત્યારે ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ અમદાવાદની સ્થિતિ અંગે માહિતી આપવાનો ઈન્કાર કર્યો છે. વાઈડ એંગલ, પીવીઆર, કાર્નિવલ સિનેમાં તોડફોડ કરવામાં આવી છે. મોડી સાંજે સ્થિતિ વણસી જતાં પોલીસ ઉપર પણ આક્ષેપબાજીનો દોર થઈ રહ્યો છે. કરણી સેનાના નામ ઉપર અસામાજિક તત્વો પણ હિંસા ઉપર ઉતરી આવ્યા હોવાના અહેવાલ મળ્યા છે. હિંસાના આ દોર વચ્ચે સામાન્ય લોકો પણ મુશ્કેલીમાં ફસાયા હોવાના અહેવાલ મળ્યા છે. વિરોધના નામે હિંસા શા માટે તેને લઈને પ્રશ્નો ઉઠી રહ્યા છે. સામાન્ય માણસોનો ગુનો શું છે તેવા પ્રશ્નો પણ ઉઠી રહ્યા છે. વસ્ત્રાપુરના આલ્ફા મોલ ખાતે હિંસક પ્રદર્શન થયું હતું.










**પાલનપુરમાં પાટીદારોએ હાર્દિકનું સ્વાગત કર્યું**

પાલનપુરમાં લક્ષ્મીપુરા ખાતે આજે આવેલ હાર્દિક પટેલે ફિલ્મ પદમાવતી મામલે નિવેદન આપતા જણાવ્યું હતું કે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીને તેમણે પત્ર લખી ફિલ્મ પદમાવત રાજ્યમાં રીલીઝ ના કરવાનો અનુરોધ કર્યો છે. પાલનપુરના લક્ષ્મીપુરા ખાતે ગમેશભારથી મહારાજના પાટોત્સવમાં આવેલ હાર્દિક પટેલનું પાટીદારો દ્વારા ભવ્ય સ્વાગત કરાયું હતું.

## થરાદમાંથી વિદેશી દારૂ પકડાયો

થરાદ, તા. ૨૩ બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક નીરજ કુમાર બડગુજરે જિલ્લામાં દારૂ જુગારની પ્રવુતિ નેસ્ત નાબૂદ થાય તે અંગે કડક અમલવારી કરવા સૂચના કરતા જે.એચ. સિંધવ, પોલીસ ઈન્સ્પેક્ટર, એલ.સી.બી તથા પોસઈ બી.આર. પટેલ તથા બીલાલભાઈ, પ્રકાશચંન્દ્ર, ભરતભાઈ તથા ખેમજીભાઈની ટીમે થરાદ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા. દરમ્યાન બાતમી હકીકત આધારે તાકુવા ગામની સીમ પાસે નાકાબંધી કરી હીરો બાઈક નં જીજે.૨.એસ.૩૧૪૮નુ તહો વશરામભાઈ મેવાભાઈ રબારીને પકડી પાડી તેની બાઈક ઉપર જોતા વિદેશી દારૂ તથા બિયરની કુલ બોટલ નંગ-૨૪૦ કિ. રૂ ૨૫,૬૦૦નો તથા બાઈકની કિ. રૂ. ૧૫,૦૦૦ એમ કુલ મુદા માલ કિ. રૂ. ૪૦,૬૦૦નો મળી આવેલ તેમજ ઊપરોકત દારૂ જેસલા બ્રાન્ચ ગણપત વિશ્નોઈના ઠેકા ઊપરથી ગે.કા.નો ભરી નાકાબંધી દરમ્યા બાઈકનો ચાલક વશરામભાઈ પકડાઈ ગયેલ હોઈ સદરે બન્ને તહો વિરુદ્ધમાં થરાદ પો.સ્ટે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.



**મોડાસાના રખિયાલ ગામે આરસીસી રોડના નવીનીકરણ માટે દબાણ હટાવ્યા**

મોડાસા તાલુકાના રખિયાલ ગામે ગામ લોકોએ દબાણ કરતા ગામોનો મુખ્યમાર્ગ સાંકળો બની ગયો હતો ત્યારે ગ્રામ પંચાયત દ્વારા રોડનુ નવીનીકરણ કરી આરસીસી કામ હાથ ધરાતા પહેલા ગ્રામ પંચાયતે પોલીસ બંદોબસ્ત સાથે જેસીબી મશીનથી માર્ગ પરથી દબાણ હટાવવાની કામગીરી હાથ ધરાતા ગામલોકો અને વાહનચાલકોમાં આનંદ છવાયો હતો.

## અરવલ્લી જિલ્લાના મોડાસા જીનિયસ સ્કૂલની બાજુમાં ખલીપુર માલપુર રોડ ખાતે ઉજવાશે

મોડાસા, તા. ૨૩ આગામી ૨૬મી જાન્યુઆરી-૨૦૧૮ પ્રજાસત્તાક પર્વની ઉજવણી મોડાસા જીનિયસ સ્કૂલની બાજુમાં કલીકપુર માલપુર રોડ ખાતે ઉજવણી કરવામાં આવનાર છે. આ કાર્યક્રમ સફળતાથી ઉજવાય તે માટે જિલ્લાના દરેક અધિકારીઓને જવાબદારીઓ સોંપવામાં આવી હતી. જેમાં પ્રચાર-પ્રચારની વ્યવસ્થા સફાઈ વ્યવસ્થા, સ્ટેજ સુશોભન ફાયરબ્રિગેડ, વીજપુરવઠો, કલાકારોની વ્યવસ્થા, મંડળે સાઉન્ડના કામગીરીનો સમાવેશ થાય છે. આ બેઠકમાં કલેક્ટરે જણાવ્યું હતું કે દરેક વિભાગોના ટેબ્લોની કામગીરીની જેવા વિભાગો ટેબ્લો બનાવવાની જવાબદારી પણ સોંપવામાં આવી છે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, આદિજાતી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સમાજ સુરક્ષા, પાણી પુરવઠા વાસ્મો, પશુપાલન, ખેતીવાડી, આઈસીડીએસ, આરટીઓ, પ્રાથમિક શિક્ષણ, સમાજકલ્યાણ, નગરપાલિકા, કૃષિ સિંચાઈ વગેરે ટેબ્લો બનાવવાની કામગીરી પોલીસ પરેડ ગ્રાઉન્ડ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૨૫ જાન્યુઆરીના દિવસે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી પણ કરવામાં આવનાર છે. આ અંગે યુવા મતદારો વધુમાં વધુ નોંધણી કરે તેવુ મતદાતા દિવસે ઉજવણી કરવામાં આવનાર છે.

## પાલનપુર આરટીઓમાં હવેથી ગોલ્ડન, સિલ્વર ચોઈસ નંબરની હરાજી ઓનલાઈન

પાલનપુર, તા. ૨૩ પાલનપુર આર.ટી.ઓ. કચેરીમાં હવેથી ગોલ્ડન, સિલ્વર ચોઈસ નંબરની હરાજી ઓનલાઈન કરવામાં આવે છે. ગોલ્ડન, સિલ્વર નંબર માટે અગાઉ ડીમાન્ડ ડ્રાફ્ટ મંગાવવામાં આવતો હતો અને જે કોઈ અરજદારની ડીમાન્ડની રકમ વધારે હોય તેને ગોલ્ડન, સિલ્વર નંબર તથા રેન્ડમ ચોઈસ નંબર આપવામાં આવતો હતો. પરંતુ હવેથી અરજદારે જાતે જ પસંદગીનો નંબર લેવા માટે ઓનલાઈન હરાજીમાં ફરજીયાતપણે ભાગ લેવો પડશે. આ માટે પરિવહનની વેબસાઈટ ઉપર લોગીન કરી ઓનલાઈન ક્રિએટ આઈડી બનાવી, સીએનએ ફોર્મ ભરી ત્યારબાદ નંબર સિલેકટ કરી તેની ઓનલાઈન ફી ભરવાની રહેશે. આ અંગેની વધુ માહિતી અને માર્ગદર્શન માટે પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, પાલનપુરનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

## થરાદમાં સામસામેની સોસાયટીમાં આવેલા બે ભાઈઓના મકાનમાં ચોરી થતાં ફફડાટ

થરાદ, તા. ૨૩ મૂળ વાવના માવસરી ગામના તેમજ થરાદ શહેરની જનતા હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરતા અને શ્રીજીનગર સોસાયટીમાં રહેતા ભરતભાઈ પુરોહિત તથા થરાદ એસ.ટી. ડેપોમાં કંડકટર તરીકે નોકરી કરતા રાજુભાઈ સગાળભાઈ પુરોહિત સામે જ આવેલી પ્રગતિનગર રહે છે. આ બન્ને ભાઈઓ પોતાના પરિવાર સાથે સોમવારે સાંજના છ વાગ્યે મકાન બંધ કરીને માવસરી ગયા હતા.

જેઓ મંગળવારની સવારે આઠેક વાગ્યાના સુમારે પોતાના ઘેર પરત આવતા તેમના મકાનનું તાળુ તૂટેલુંહતુંતથા ઘરમાંરહેલી તમામ ચીજ-વસ્તુઓ વેરણછેરણ અને અસ્તવ્યસ્ત પડેલી હતી. આથી વધુ તપાસ કરતા ભરતભાઈના ઘરમાંથી ૧૫ હજારની રોકડ તથા ૧૫૦૦૦નું પ્રિન્ટર તેમજ ત્રણેક હજારની ચાંદીની તોડી મળીને આશરે ૩૩ હજારની જ્યારે રાજેશભાઈના મકાનમાંથી ૫૦૦૦૦ કરતાંપણ વધારે રોકડ તથા ૧૨૦૦૦નું એલસીડી તેમજ પાંચ હજારની ચાંદી મળીને અંદાજિત ૬૭૦૦૦ની ચોરી થવા પામી હતી. આ અંગે ભરતભાઈએ થરાદ પોલીસ મથકમાં જાણ કરતાં પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

### ચૂંટણીઓ જાહેર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રારંભ થશે. ૩જી ફેબ્રુઆરી સુધી આ ચૂંટણી માટે ઉમેદવારીપત્રો ભરી શકાશે. ૫મી ફેબ્રુઆરીના રોજ ઉમેદવારીપત્રોની ચકાસણી કરવામાં આવશે જ્યારે ૭મી ફેબ્રુઆરીએ ઉમેદવારીપત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ રહેશે. ૧૭મી ફેબ્રુઆરીએ મતદાન યોજાશે જ્યારે ૧૯મી ફેબ્રુઆરીએ મતગણતરી હાથ ધરાશે. રાજ્ય ચૂંટણી પંચના સચિવ મહેશભાઈ જોશીએ જણાવ્યુ હતુ કે પંચ દ્વારાજે ઈ.વી.એમ. ઉપયોગમાં લેવામાં આવનાર છે તે તદ્દન નવા છે અને ૨૦૧૫માં જ તેની ખરીદી કરવામાં આવી છે.

તેમણે કહ્યુ હતુ કે આ ૭૫ નગરપાલિકામાં ૫૩૦ મતદાન મથકો સંવેદનશીલ છે જ્યારે ૯૫ અતિસંવેદનશીલ છે. ૧૩ તાલુકા પંચાયત અને બે જિલ્લા પંચાયતોની ચૂંટણી માટે હવે પછી જાહેરાત કરવામાં આવશે. આ પંચાયતોની મુદત માર્ચમાં પુરી થતી હોઈ તેની ચૂંટણીની તારીખો હવે પછી જાહેર કરવામાં આવશે.

### શપથ લેશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શાળાઓમાં વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં ગાંધીનગરમાં જિલ્લા કક્ષાએ પ્રથમ ત્રણ ક્રમે આવેલા વિદ્યાર્થીઓનુ પણ મતદાતા દિવસ નિમિત્તે સન્માન કરવામાં આવશે. આ તેજસ્વી વિદ્યાર્થીઓમાં દહેગામ એ આર વિદ્યાલયની જોષના બુધાજી વાઘેલા, સે-૨૬ જયપ્રકાશ વિદ્યાલયના વિશાલ જવેરભાઈ રબારી અને સે-૭ જે એમ ચૌધરી કન્યા વિદ્યાલયની ક્રીષા મહેન્દ્રભાઈ ચૌધરીનુ સન્માન કરવામાં આવશે. આ વિદ્યાર્થીઓ પૈકી જોષના તેમજ વિશાલ અગાઉ રાજય કક્ષાએ પણ ભાગ લઈ ચુક્યા છે.

### સરકારને નોટીસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અરજદારના વકીલની રજુઆત હતી કે મેયરની ચૂંટણી પછી, અરજદારે સરકારને અધિકૃત અધિકારી સમક્ષ ફરીયાદ કરી ચૂંટણી રદ કરી, પ્રવિણ પટેલ સામે પક્ષાંતર વિરોધી ધારા હેઠળ કામગીરી કરવા દાદ માંગી હતી. આ અરજી સાંભળવામાં અધિકારી વિલંબ કરતાં હોય હાઈકોર્ટ સમક્ષ અરજી થઈ હતી. જેમાં કોર્ટે અધિકારીને બે મહિનાના સમયગાળા અરજીને સાંભળી નિકાલ કરવા આદેશ કર્યો હતો. જેના પગલે અધિકારીએ અરજી સાંભળી કાઢી નાખી હતી. જો કે આ નિર્ણય અરજદારને અસંતોષ હોય હાઈકોર્ટમાં પડકારવામાં આવી છે. અરજદારની પ્રાથમીક રજુઆત સાંભળ્યા પછી, સીંગલ બેન્ચના ન્યાયાધિશ બેલાબેન ત્રિવેદીએ અરજી દાખલ કરી રાજ્ય સરકાર, સરકારના અધિકૃત અધિકારીને નોટીસ ફટકારી છે. આઠ સપ્તાહમાં જવાબ આપવા આદેશ આપ્યો છે.

### નવાં કલેવર ● ૪ પાનાનું ચાલુ...

લોકો તમારી પાસેથી ચીજવસ્તુઓ ખરીદે છે તમે તેમને જ પુછો છો કે શું શું લીધું. કદાચ તેઓ તેમણે લીધેલ વસ્તુઓમાં અમુક ઓછી બતાવે તો...' નીલાબહેને પુછ્યું.

તે ઊભો ઊભો માત્ર હસતો રહ્યો.

'બોલો જો કોઈ ચીજવસ્તુઓ ઓછી બતાવે અથવા પૈસા ઓછા આપી દે તો તમને તો બહુ ખોટ જવાની કે નહીં...' નીલાબહેને તેની સાથે સહાનુભૂતિ વ્યક્ત કરતા ફરી કહ્યું.

તેણે નિખાલસ પણે હસતાં હસતાં કહ્યું, 'બહેન, મને શું ખોટ જવાની, એવો વ્યક્તિ પોતે જ ખોટ ખાશે... તે પોતાના ઈમાન અને ધર્મમાં હેઠો પડશે. હું નહીં સમજ્યાં ને ! તેને ઉપરવાળો સારી રીતે પહોંચી વળશે. મને તેનો વિશ્વાસ છે.'

એટલું કહીને ફરી એકવાર તે હસ્યો અને આગળ વધી ગયો.

### હેલ્લો ફ્રેન્ડસ્ ! ● ૪ પાનાનું ચાલુ...

અને આમાં નિર્દોષ લોકો મરતા હતા. ઘણો સમય વીતી ગયો. હવે થોડી શાંતિ ફેલાવા લાગી હતી. રસ્તા પર લોહીના ખાબોચિયાં હતા. દરેક લોહીનો રંગ લાલ જ હતો. એ લોહીમાં કયાંક કોઈ ધર્મ અલગ પડતો નહોતો. એ લોહી એક જ પ્રવાહીપણાનો ધર્મ પાળતો હતો!

બધે ભયંકર શાંતિ હતી. તો ઘરેઘર સ્વજન ગુમાવ્યાની દબાતા અવાજે રોક્કળ પણ હતી. આ બધાંમાં માત્ર બે જણ એકદમ ખુશ હતા, અને એ એટલે પેલાં બે કાગડાં ! કારણ હવે કાગડાનાં બચ્ચાં પણ હવે માણસનો શિકાર કરતાં શીખી ગયા હતા. કાગડાંના બચ્ચાંએ પપ્પાને પ્રશ્ન કર્યો,

'હેં પપ્પા, આપણે કાયમ આવું જ કરીએ છીએ ? આપણે લોકોને ઝઘડાવી મારીએ છીએ એ ખબર નથી પડતી ?'

'અરે બેટા, આ મુર્ખ માણસને કયારેય પોતાનો ધર્મ ખબર પડ્યો જ નથી. માણસાઈનો ધર્મ છોડીને બાકી બધાં કામો કરતા રહે છે. અને આપણી જેમ અનેક કાગડાઓ એના ફાયદો ઉઠાવી જાય છે. અને એમને એ ખબર જ પડતી નથી. માણસો એટલે તો ખુશીથી - ઈન્સાનિયતથી જીતવા કરતાં જાત અને ધર્મને રવાડે ચઢે છે અને ત્રીજો એનો ફાયદો ઉઠાવે છે.'

આટલું કહીને બંને કાગડાં રિપબ્લીક ડેની પરેડ જોવા માટે દિલ્હી બાજુ ઉડી ગયાં...

**ચૂંટલો :**

દેશભક્તિનું નાના પાટેકરનું અલ્ટિમેટ મુવીના ડાયલોગ્સ, 'ઉપરવાલા ભી ઉપર સે દેખતા હોગા તો ઉસે શર્મ આતી હોગી, સોચતા હોગા મૈંને સબસે ખુબસુરત ચીઝ બનાઈથી ઈન્સાન, નીચે દેખા તો સબ કીડે બન ગયેં કીડે...' અને 'હમ ભલે હી ઉપર વાલે કો અલગ અલગ નામ સે પુકારતે હૈ, લેકિન હમારા ધરમ એક હૈ, મઝહબ એક હૈ, ઈન્સાનિયત' દેશમાં કંઈક અઘટીત બનતું હોય ત્યારે બે-ચાર વખત સાંભળી લેવા!

### છેડો ફાડ્યો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શિવસેના અને ભાજપ વચ્ચે છેલ્લા ઘણા સમયથી ખેંચતાણ ચાલી રહી છે. કેન્દ્ર સ્તર પર પણ ખેંચતાણ ચાલી રહી છે. ઉદ્ધવ ઠાકરેએ થોડાક દિવસ પહેલા ચેતવણી આપી હતી કે, જો જરૂર પડશે તો તેમની પાર્ટી એનડીએથી અલગ થઈ જશે. પાર્ટી નેતા સંજય રાવતે કહ્યું હતું કે, તેમની પાર્ટી ૨૦૧૯ની લોકસભા અને વિધાનસભાની ચૂંટણી અલગ અલગ રીતે મળીને લડશે. શિવસેનાના આ નિર્ણયને ઉદ્ધવ ઠાકરેના નિવેદન સાથે જોડીને જોવામાં આવે છે. ૨૦૧૪માં છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં સીટોની વહેંચણીને લઈને ભાજપ અને શિવસેના વચ્ચે ખેંચતાણની સ્થિતિ સર્જાઈ હતી. આખરે બંને પક્ષોએ અલગ થઈને ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો હતો.

### ભારતમાં મળશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તે વખતે ભારતનો જીડીપી ૪૦૦ અબજ ડોલરની આસપાસ હતો. હવે બે દશક બાદ છ ગણો થઈ ગયો છે. તે વખતે આ ફોરમનો વિષય બિલ્ડિંગ દ નેટવર્ક સોસાયટી હતો. આજે ૨૧ વર્ષ બાદ ૧૯૯૭વાળા વિષય સદી જુના લાગે છે. આજે અમે માત્ર નેટવર્ક સોસાયટી નહીં બલ્કે અમે બિગડેટા આર્ટિફિકેશન ઈન્ટેલીજન્સવાળી સોસાયટીના છે. તે વખતે યુરોનું ચલણ ન હતું. બ્રેકઝીટની સંભાવના પણ ન હતી. તે વખતે ખુબ ઓછા લોકોને ઓસામા બિન લાદેનના નામ અંગે માહિતી હતી. હેરી પોર્ટરનું નામ પણ ન હતું. એ વખતે સાઈબર દુનિયામાં એમેઝોન શબ્દ સર્ચ કરવામાં આવે તો નદીઓ અને વન્ય વિસ્તારોની માહિતી મળતી હતી. હવે સ્થિતિ બદલાઈ ગઈ છે. એ વખતે પણ દાવોસ પોતાના સમયમાં આગળ હતું અને વર્લ્ડ ઈકોનોમિક ફોરમની બેઠક થતી હતી.

### વિરોધ યથાવત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગ્રુપ તરફથી પત્ર આવ્યો હતો પરંતુ તે વિશ્વાસઘાત સમાન હતો. તે ઈચ્છતા હતા કે અમે ફિલ્મ નિહાળવા માટે ઈન્કાર કરીએ. તેઓ આજે પોરબંદર પહોંચી રહ્યા છે. સેન્સર બોર્ડે પણ માત્ર ત્રણ લોકોને ફિલ્મ દર્શાવી હતી. છ લોકોને ફિલ્મ દર્શાવવામાં આવી ન હતી. કાલવીએ ધમકી આપી છે કે જો ફિલ્મ રજૂ કરાશે તો ગંભીર પરિણામનો સામનો કરવો પડશે. કાલવીએ કહ્યુ હતુ કે અમે કહીએ છીએ ઓછુ અને કરીએ છીએ વધારે. આ ફિલ્મ ૨૫મી જાન્યુઆરીના દિવસે રજૂ કરવામાં આવનાર છે ત્યારે કરણી સેના અને અન્ય સંગઠનો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. ઉત્તર પ્રદેશમાં પહોંચેલા કરણી સેનાના નેતા લોકેન્દ્રસિંહ કાલવીએ ગઈકાલે કહ્યું હતું કે, તેઓ ફિલ્મને જોવા માટે તૈયાર છે. અમે ક્યારેય એવું કહ્યું નથી કે, અમે આ ફિલ્મની નિહાળીશું નહીં. ફિલ્મ નિર્માતાએ એક વર્ષ અગાઉ અમને ખાતરી આપી હતી કે તેઓ અમારા માટે ખાસ સ્ક્રીનિંગનું આયોજન કરશે. ભણશાલી પ્રોડક્શને ૨૦મી જાન્યુઆરીએ શ્રી રાજપૂત કરણી સેના અને રાજપૂત સભા જયપુરને પત્ર લખીને ફિલ્મ નિહાળવા માટે કહ્યું હતું અને એવી ખાતરી પણ આપી હતી કે, ફિલ્મમાં રાજપૂત સમાજની ગૌરવ ગાથા દર્શાવવામાં આવી છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે વાતચીત કર્યા બાદ લોકેન્દ્રસિંહ કાલવીએ કહ્યુ હતુ કે તેઓએ ફિલ્મ નિહાળવા માટે તૈયાર છે. જો કે આજે તેમને તેમનુ નિવેદન બદલી નાંખ્યુ હતુ અને ફિલ્મનો વિરોધ જારી રાખવાની જાહેરાત કરી હતી.

### સપાટી કુદાવી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવનાર છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દ ૨૯મી જાન્યુઆરીના દિવસે બન્ને ગૃહના સંયુક્ત સત્રને સંબોધન કરનાર છે. આર્થિક સર્વે પણ એજ દિવસે જારી કરવામાં આવનાર છે. ન્યુજેન સોફ્ટવેર અને અમ્બેર એન્ટરપ્રાઈઝ આગામી સપ્તાહમાં શેરબજારમાં લિસ્ટેટ થનાર છે. બન્ને કંપનીઓએ તેમના આઈપીઓ ગયા સપ્તાહમાં જ પૂર્ણ કરી લીધા હતા. ન્યુજેનો ઈસ્યુ ૮.૨૫ ગણો છલકાયો હતો. અમ્બેરનો ઈસ્યુ ૧૬૫.૪૨ ગણો છલકાયો હતો. એકમોટા ઘટનાક્રમમાં ઓઈલ એન્ડ ગેસે હિન્દુસ્તાન પેટ્રોલિયમમાં સરકારની ૫૧.૧૧ ટકા હિસ્સેદારીને મેળવી લેવાની તૈયારી દર્શાવી છે..૨૦૧૮ ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટનો ગાળો ૨૫મી જાન્યુઆરીએ પૂર્ણ થશે. શુક્રવારના દિવસે બીએસઈ સેંસેક્સ ૨૫૧ પોઈન્ટ ઉછળીને ૩૫૫૧૧ની ઉંચી સપાટી પર રહ્યો હતો. જ્યારે બ્રોડર નિફ્ટીમાં ૧૦૮૯૪ની સપાટી જોવા મળી હતી. ગઈકાલે પણ તેજીનો માહોલ રહ્યો હતો. સોમવારના દિવસે કારોબારના અંતે સેંસેક્સ ૨૮૬ પોઈન્ટ ઉછળીને ૩૫૭૯૮ની ઉંચી સપાટી પર રહ્યો હતો. આવી જ રીતે નિફ્ટી ૭૨ પોઈન્ટ ઉછળીને ૧૦૯૬૬ની ઉંચી સપાટી પર રહ્યો હતો. બેન્ચમાર્ક ઈન્ડેક્સ ઓલટાઈમ હાઈ સપાટએ રહ્યો હતો.